### ૧. બીડી-કામદારો

'સેવા'ની સૌથી મોટી સભ્ય સંખ્યા બીડી-કામદારોની છે : ૮,૪૧૧ ગુજરાતમાં અને ૨,૭૦૦ મધ્યપ્રદેશમાં. મધ્યપ્રદેશમાં ઇન્દોર અને જબલપુરમાં સેવાનાં કેન્દ્રો છે. જોકે બીડી-કામદારો માટે અલગ કાયદો છે, તેમ જ પ્રોવિડન્ટ ફંડ, લઘુતમ વેતનના કાયદા પણ તેમને લાગુ પડે છે, છતાં ૯૦ ટકા બીડી કામદારો આ કાયદાઓના લાભથી હજુ વંચિત જ રહ્યાં છે. માલિક ઠેકેદારો રાખીને કાયદાના અમલની નિરાંતે અવગણના કરી રહ્યા છે. ઉપરાંત ખરીદ-વેચાણની પદ્ધતિ અપનાવીને કાયદાના બંધનમાંથી ઉઘાડે છોગ છટકી જાય છે.

બીડી-કામદારોને કાનૂની લાભ મળે તે માટે સતત લડત ચાલુ છે. ચાલુ વર્ષમાં ૧૦૦૦ બીડીએ રૂ. ૨-૦૦ તથા કેટલાક જૂથોમાં રૂ. ૩-૦૦ નો મજૂરીવધારો બીડી-કામદારોએ લડત કરીને મેળવેલો. નવા સભ્યોને શિષ્યવૃત્તિની યોજનાનો લાભ મળ્યો. ૩૭૦ સભ્યોને પ્રસૂતિ-સહાય મળી.

### ૨. સિલાઈ-કામદારો

'સેવા'ના સિલાઈ-કામદાર સભ્યો સઘળાં ઘેર બેસીને બીજા માટે મજૂરી પેટે કામ કરનારા છે. ગત વર્ષોમાં 'સેવા'એ સિલાઈ-કામદારો માટે લઘુતમ વેતનનો દર સરકાર પાસે અનેક સંઘર્ષોને અંતે નિર્માણ કરાવેલો. પરંતુ દુઃખદ બાબત છે કે હજુ કામદારોને લઘુતમ વેતન મળતું નથી. તેથી આ વર્ષે ૫૦૦ બેનોએ લઘુતમ વેતનની માગણી કરતાં ધરણા આદર્યાં હતા. પરંતુ કોમી રમખાણોને કારણે માંગણી મુલતવી રાખી હતી. સભ્યોને કામેથી કાઢી મૂકેલાં તેમને ફરી કામે રખાવવામાં સફળતા મળી હતી.

### ૩. અન્ય ઘર-કામદારો